પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૬૨ | ૨૨ ઓગસ્ટ, ૨૦૨૧, રવિવાર; શ્રાવણ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કાબુલમાં તમામ ભારતીયો સુરક્ષિત

## આતંકીઓએ ભારતીય કોઓર્ડિનેટરને છોડી મૂક્યો : આ ભારતીયોને ફરી એરપોર્ટ લાવવામાં આવશે : ભારત સરકાર તેમના સંપર્કમાં



કાબુલ, તા.૨૧

અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં તાલિબાનના આતંકીઓએ ભારતીય કોઓર્ડિનેટર ઝોહીબનું અપહરણ કર્યું હતું. તે કાબુલમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે ત્યાં ગયો હતો. આતંકીઓએ તેમનો ફોન છીનવી લીધો હતો. આ બધા વચ્ચે સૂત્રોના હવાલે જાણવા મળ્યું છે કે તમામ ભારતીયો સુરક્ષિત છે. જલદી આ ભારતીયોને ફરીથી એરપોર્ટ લાવવામાં આવશે. ભારત સરકાર તેમના સંપર્કમાં છે. હવે એવા પણ ખબર છે કે આતંકીઓએ ભારતીય કોઓર્ડિનેટરને છોડી મૂક્યો છે.

એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે તાલિબાનના આતંકી ભારતીય કોઓર્ડિનેટર પાસે આવ્યા હતા. તેમણે તેમની ઓળખ પૂછી. ત્યારબાદ તેને થપ્પડ મારવા લાગ્યા. પછી આતંકીઓએ તેમનો મોબાઈલ છીનવી લીધો. ત્યારથી ભારતીય કોઓર્ડિનેટરનો ફોન સ્વિચઓફ છે. અત્રે જણાવવાનું કે ભારતીય વાયુસેનાનું ઝ૧૭ ગ્લોબ માસ્ટર ગત રાતથી કાબુલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર તૈનાત છે. પરંતુ ભારે ભીડના કારણે ભારતીયો એરપોર્ટમાં એન્ટ્રી લઈ શક્યા નહીં. તાલિબાને કાબુલની સુરક્ષાની જવાબદારી હક્કાની

● અનુસંધાન પાન-૭ પર

# કાબુલથી ૮૫ ભારતીયોને લઈ ઉડ્યું વાયુસેનાનું વિમાન

## ભારતીયોને બહાર કાઢવાની કવાયત જારી : અફઘાનિસ્તાનના કાબુલમાં એરપોર્ટ બહાર ૨૨૦ જેટલા ભારતીયો હાજર છે

કાબુલ, તા.૨૧

અફઘાનિસ્તાનમાં તાલિબાનના કબજા બાદ હાલાત ચિંતાજનક છે. ત્યાં ફસાયેલા ભારતીયોને બહાર કાઢવાની કવાયત ચાલુ છે. આ જ કડીમાં એક ઝ-૧૩૦જ એ ૮૫ ભારતીયોને લઈને ઉડાણ ભરી લીધી છે. આ ભારતીયોને ગઈ કાલે બ્રિટિશ સૈનિકો સુરક્ષિત રીતે એરપોર્ટ લાવ્યા હતા. અત્રે જણાવવાનું કે અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં એરપોર્ટ બહાર લગભગ ૨૨૦ જેટલા ભારતીયો હાજર છે. જે અંદર પ્રવેશવાની રાહ જોઈ રહ્યા છે.



ઈન્ડિયન એરફોર્સનું ઝ૧૭ વિમાન ભારતીયોને બહાર કાઢવા માટે કાબુલ પહોંચી ચૂક્યું છે. તમામ ભારતીયો છેલ્લા છ કલાકથી રાહ જોઈ રહ્યા છે. જેમ જેમ ઈન્તેજાર વધી રહ્યો છે તેમ તેમ જોખમ પણ વધી રહ્યું છે. કારણ કે કાબુલ ઈન્ટરનેશનલ એરપોર્ટ બહાર મોટી સંખ્યામાં તાલિબાનીઓ હાજર છે.

ભારતીય વાયુસેનાના ઝ-૧૩૦જ ટ્રાન્સપોર્ટ વિમાને ૮૫ ભારતીયોને લઈને આજે કાબુલથી ઉડાણ ભરી હતી. રિફ્યુલિંગ માટે તઝાકિસ્તાનના એરપોર્ટ પર ઉતર્યું હતું. ભારત સરકાર હાલ કાબુલથી ભારતીયોને સુરક્ષિત બહાર કાઢવા માટે મિશન ચલાવી રહી છે.

બીજી બાજુ એરપોર્ટ બહાર ફસાયેલા છે તમામ ભારતીયો બસોમાં સવાર થઈને કાબુલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પહોંચ્યા છે. પરંતુ હજુ તેમને અંદર દાખલ થવા દીધા નથી. અમેરિકી સૈનિકોએ તેમની બસોને એરપોર્ટ બહાર જ રોકી

● અનુસંધાન પાન-૭ પર

# દિલ્હીમાં ભારે વરસાદ : પાણી ભરાયાં

ન્યુદિલ્હી, ૨૧

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી ૫ દિવસો દરમિયાન ઉત્તરાખંડમાં પણ ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. વળી, હિમાચલ પ્રદેશ અને પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદની સંભાવના રહી છે. હરિયાણા, ચંડીગઢ, પંજાબ અને પૂર્વી રાજસ્થાનમાં આગામી ૨ દિવસો સુધી સારા પ્રમાણમાં વરસાદ પડી શકે છે. જોકે મધ્યપ્રદેશના ૧૧ જિલ્લામાં રેડ અલર્ટ જાહેર કરી દેવાયું છે તો રાજસ્થાનના ૧૦ જિલ્લામાં યલો અલર્ટ જાહેર. દેશમાં ફરી એકવાર વરસાદનું આગમન થતા લોકો મોન્સૂનની મજા માણી રહ્યા છે. દિલ્હીમાં લાંબા વિરામ પછી ફરીથી મેઘરાજા મહેરબાન થયા છે, જોકે અનરાધાર વરસાદને પગલે ઠેર-ઠેર પાણી ભરાઈ જતા સ્થાનિકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. વળી શનિવારે ગુજરાત, પશ્ચિમ મધ્યપ્રદેશ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, બિહાર અને દિલ્હી-દ્નઝ્રઈમાં ભારેથી અતિભારે પડી શકે છે. દિલ્હી-દ્નઝ્રઈમાં આગામી ત્રણ દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી છે. દેશમાં શુક્રવાર રાતથી

● અનુસંધાન પાન-૭ પર



# ત્રીજી લહેરની શક્યતાઓને પગલે સરકારે આરંભી તૈયારી

## ખાસ દવાઓનો સ્ટોક તૈયાર કરી રહી છે સરકાર : બીજી લહેરની હાલાકીને ધ્યાનમાં રાખી રેમડેસિવિયર સહિતની દવાનો જથ્થો એકત્રિત કરવામાં આવી રહ્યો છે

મુંબઈ, તા.૨૧

કોરોનાની ત્રીજી લહેર આવવાની શક્યતાઓને ધ્યાનમાં રાખીને સરકારે તૈયારી શરુ કરી છે. આ તૈયારીના ભાગ રુપે સરકાર કોરોનાની સારવાર દરમિયાન ઉપયોગમાં લેવાતી અગત્યની દવાઓનો રાષ્ટ્રીય સ્તર પર ભંડાર તૈયાર કરી રહી છે, જેથી કટોકટીના સમયમાં દવાઓ તમામ લોકોને ઓછી કિંમતમાં અને સરળતાથી મળી રહે.શરૂઆતમાં સરકાર લગભગ ૧૫ દવાઓનો બફર સ્ટોક તૈયાર કરશે. આ ૧૫ દવાઓમાં એન્ટી-વાઈરલ રેમડેસિવિયર, એન્ટીબાયોટિક ઁૈંૈંડેદ્ધઢ્ઢ અને બ્લેક ફંગસની સારવાર માટે ઉપયોગમાં લેવામાં આવતી એમ્ફોટેરિસિન બીનો પણ સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે એપ્રિલથી જૂન મહિના દરમિયાન આખા દેશમાં કોરોનાની બીજી લહેરને કારણે કોહરામ મચી ગયો હતો. આ સમયે દવાઓની તંગી મોટા પ્રમાણમાં જોવા મળી હતી. લોકોએ દવાઓ મેળવવા માટે ચારેબાજુ ધક્કા ખાવા પડતા હતા. દવાઓની કાળાબજારી પણ મોટા પ્રમાણમાં થઈ હતી અને દવાઓની કિંમતો પણ સાતમા આસમાને પહોંચી ગઈ હતી. આખરે આ સ્થિતિમાં સામાન્ય માણસે નુકસાન વેઠવુ પડ્યુ હતું. આ પ્રકારની સ્થિતિને ટાળવા માટે સરકાર દવાઓનો અત્યારથી સંગ્રહ કરી રહી છે.

રેમડેસિવિયરની વાત કરવામાં આવે તો તાજેતરમાં ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા અને કંપનીઓ દ્વારા સપ્લાય મોકલવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રાથમિક ધોરણે રેમેડિસિવિયરની ૫૦ લાખ વાયલનો સ્ટોક ભેગો કરવાની યોજના છે. કોરોનાનો સામનો કરવા માટે સ્વાસ્થ્યના માળખામાં સુધારો કરવા માટે જુલાઈ મહિનામાં કેન્દ્ર સરકાર દ્વારા ૨૩,૧૨૩ કરોડ રુપિયાના પેકેજને માન્યતા આપવામાં આવી હતી.







મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ | ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

આનંદ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર
ચોથા માળે, સાર્થક મોલ, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૯૭૫૦૭૮૮, મો. ૯૮૯૮૩ ૨૦૫૫૦
સરકાર માન્ય કોવીશીલ્ડ અહીંયા ઉપલબ્ધ છે.
સમય : સવારે ૯ થી સાંજે ૫
સરકાર માન્ય ભાવ રૂા. ૭૮૦/- પર ડોઝ

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

● માસ્ક પહેરીએ - સુરક્ષિત રહીએ ● વેક્સિન લઈએ સ્વયંને સુરક્ષિત કરીએ ●